મહત્તમ : ૨૮.૫ ડીગ્રી
લઘુતમ : ૧૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૫૫ ટકા
ગાંધીનગર તાપમાન

# ઓમિક્રોન આવે છે, સાવધાની લાવે છે

## શહેરમાં વધતી કોરોનાની દહેશત વચ્ચે વધુ સાવધાની માટે તબીબો અને અગ્રણીઓનો આગ્રહ : નવા વેરિયન્ટથી બચવા માટે સરકારની સાથે જનતાએ પણ જાગૃત થવું જરૂરી

ગાંધીનગર, તા.૮

કોરોનાનો નવો વેરિયન્ટ ઓમિક્રોન, જેનાથી શહેરીનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. કોરોનાની બીજી લહેર બાદ તમામ વ્યવસાય-ધંધાઓ પાટે ચઢયા છે અને આ ઓમિક્રોન આવ્યો. ઉપરાંત તજજ્ઞોના જણાવ્યા મુજબ જાન્યુઆરીમાં બીજા અઠવાડિયામાં કોરોનાની ત્રીજી લહેર શરૂ થશે જે એક ખૂબ ગંભીર અને ભયજનક સમાચાર છે.

સાઉથ આફ્રિકામાં ૮ નવેમ્બરે ઓમિક્રોન વેરિએન્ટ હોવાની પુષ્ટી થયા બાદ તે દુનિયાના ૩૪ દેશોમાં ફેલાઈ ગયો છે જે ખૂબ ઝડપથી ફેલાઈ રહ્યો છે. જો કે ઓમિક્રોનથી કોઈ દર્દીની તબિયત વધારે લથડી હોય કે મૃત્યુ થયું હોય તેવી ઘટના બની નથી તેમ છતાં કોરોનાથી કે નવા વેરિયન્ટથી બચવા માટે કોરોના ગાઈડલાઈન્સનું પાલન કરવાની સલાહ એકસપર્ટ દ્વારા આપવામાં આવી રહી છે. ડબલ્યુ એચ ઓ દ્વારા પણ જણાવાયું છે કે ઓમિક્રોન વાયરસથી પીડિત દર્દીઓમાં અગાઉના ડેલ્ટા વેરિયન્ટ જેવી ગંભીરતા જોવા મળી નથી. આમ છતાં સાવધાની રાખવી જરુરી છે. ભારતમાં ઓમિક્રોન વેરિયન્ટના કેસ ૨૦ને પાર કરી ગયા છે. જેમાં સૌથી વધારે કેસ મહારાષ્ટ્રમાં અને રાજસ્થાનમાં ૯ કેસ છે જયારે ગુજરાતમાં પણ પગ પેસારો કરી દીધો છે.

શહેરમાં સ્કૂલોમાં બાળકોએ ઓફલાઈન અભ્યાસ કરવાનું શરુ કર્યું છે પરંતુ કોરોનાની ત્રીજી લહેર વિશે જાણકારી મળતા જ વાલીઓમાં ખળભળાટ ચાલી રહ્યો છે. વાલીઓ અસમંજસમાં મુકાઈ ગયા છે. મોટા ભાગના વાલીઓ હવે ફરીથી ઓનલાઈન શિક્ષણ તરફ પાછા ફર્યા છે. કારણ કે નાના બાળકોમાં ઝડપથી વેરિએન્ટ ફેલાઈ રહ્યો છે. ઘણી જગ્યાએ સ્કૂલો પણ બંધ કરવામાં આવી રહી છે. એક બાળક સંક્રમિત થાય તો તમામને ચેપ લાગી શકે છે જેથી હવે સ્કૂલ સંચાલકો પણ મુંઝવણમાં મુકાઈ ગયા છે ત્યારે સરકાર તો તમામ રીતે તૈયારી બતાવી રહી છે તેઓ ત્રીજી લહેર માટે તૈયાર છે તેવું કહી રહ્યા છે. પરંતુ સામાન્ય જનતા માટે આપણે શું સાવધાની લઈશું? ગાંધીનગર સમાચારે અલગ અલગ નાગરિકોના પાસેથી



અભિપ્રાય લેવાનો નમ્ર પ્રયાસ કર્યો હતો જેમાં આ વિષય પર અલગ અલગ અભિપ્રાયો જાણવા મળ્યા હતા.

●●●

ઓમિક્રોન આવતો અટકાવવા માટે સૌથી પહેલા જે દેશમાંથી ઓમિક્રોન ફેલાઈ રહ્યો છે ત્યાંથી આવતા માણસોને ૪ દિવસ જુદા જ રાખવા જોઈએ. કોઈ બહારથી ફોરેનર્સ આવેલા હોય તો તેના સંપર્કમાં ન જવું જોઈએ. વિમાનમાં મુસાફરી કરી હોય તેવા માણસોથી પણ દૂર રહેવું જોઈએ. સરકાર તૈયાર છે તેવું કહે છે પણ જો સરકાર આ બહારથી આવતા મુસાફરોને જ રોકે તો કોઈ તૈયારીની જરૂર જ નથી રહેતી. બહારથી આવતા માણસોને રોકવા એજ એક વિકલ્પ છે નહીં તો વેરિયેન્ટને ફેલાતો રોકી ન શકાય. માસ્ક ફરજીયાત કરવા જોઈએ.

**- ડો. દિનકર ગોસ્વામી**
**સિનિયર ફીઝીશ્યન સિવિલ હોસ્પિટલ ગાંધીનગર**

●●●

માસ્ક અને સેનેટાઈઝરનો ઉપયોગ ફરજિયાત પણે કરવો જોઈએ. વેકિસનેશન પર ભાર આપવો જોઈએ પોતાની જવાબદારી સમજીને જ વેકિસનેશન કરાવવું જોઈએ. શાળાઓ પણ હવે થોડા સમય પૂરતી બંધ કરવી જોઈએ કારણકે નાના બાળકો માસ્ક પહેરવા બાબતે ગંભીરતા નથી દાખવી રહ્યા. લગ્નપ્રસંગોમાં જમણવાર પર તાત્કાલિક પ્રતિબંધ મુકવો જોઈએ. લગ્નપ્રસંગો અને જાહેર કાર્યક્રમો પર મંજુરી ન આપવી જોઈએ તો જ કોરોનાનો નવો વેરિએન્ટ રોકી શકાશે.

**- મહેન્દ્રભાઈ (દાસ) પટેલ**
**પૂર્વ પ્રમુખ, ગાંધીનગર મહાનગર ભાજપા**

●●●

કોરોનાની ભયાનકતા અને વિકરાળતા આપણને ખબર જ છે. ઓમિક્રોન ભવિષ્યમાં કેટલો ઘાતક નીવડશે તે ન કહી શકાય તેથી સાવધાન રહેવું જ જોઈએ. માસ્ક, સેનેટાઈઝર, સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવું જોઈએ. નાના બાળકોને હજી વેકિસન લેવાની બાકી છે તેથી તેમનુ રક્ષણ કરવાની જવાબદારી આપણી છે. બાળક નાનું નિર્જીવ રમકડું નથી જેનેઆપણે ઘડીકમાં સ્કૂલ જવાનું કહીએ અને પછી એમ કહીએ કે નવો વેરિએન્ટ આવ્યો છે સ્કૂલે નથી જવાનું એટલે જે પગલાં લેવાય તે સમજી વિચારીને લેવા જોઈએ. કોઈ પણ નિર્ણય લીધા પહેલા સંચાલકોએ બાળકો વિશે વિચારવું જોઈએ. માનસિક સ્વાસ્થ્ય વિશે, સંબંધો, ધંધા રોજગાર વિશે પણ વિચારવું જોઈએ. કોઈએ ડરવાની જરૂર નથી પણ ગંભીરતા સમજીને પગલાં લેવા જોઈએ. સરકારે બુસ્ટર ડોઝને ગંભીરતાથી લેવો જોઈએ જે સલાહભર્યું અને હિતાવહ લાગે છે.

**- મમતા રાવલ, લાયન્સ કલબ ઓફ ફેમિના**

●●●

કોરોના ગાઈડલાઈનનું પાલન કરવું જોઈએ. સ્કૂલોમાં વેકેશન રાખે તે હિતાવહ છે. જાહેર મેળાવડાઓ અને લગ્નપ્રસંગો પર કોરોના ગાઈડલાઈન મુજબ ચાલવું જોઈએ. ઈન્ટરનેશનલ ફલાઈટો પર પ્રતિબંધ મુકવો જોઈએ.

**- કાર્તિકભાઈ, આશ્કા હોસ્પિટલ**

●●●

જો તમે રસીકરણ ન કરાવ્યું હોય તો ફરજિયાત રસીકરણ કરાવી લેવું જોઈએ તથા બુસ્ટર ડોઝ લેવાની યોગ્યતા ધરાવતા હો તો તે પણ લઈ લેવો જોઈએ અને અન્ય સાવચેતી પણ રાખવી જોઈએ. જેમાં માસ્ક અને ભીડ વાળી જગ્યાઓ ટાળવી જોઈએ. આમ કરવાથી પણ નવા વેરિએન્ટથી દૂર રહી શકીશું.

**- મેઘા પ્રિયદર્શી**

●●●

નવો વેરિયન્ટ નાના બાળકો માટે ઘાતક સાબિત થઈ રહ્યો છે હજી સુધી બાળકો માટેની વેકિસન પણ આવી નથી. ઓમિક્રોન ૩ ગણો ખતરનાક છે તેવું ડબલ્યુ એચ ઓ દ્વારા જણાવાયું છે. જે ડેલ્ટા વેરિયન્ટ કરતા ત્રણ ગણો ખતરારૂપ છે તેથી માસ્ક અને કોરોના ગાઈડલાઈનનું પાલન ચુસ્તપણે કરવું જોઈએ.

**- ડો. દેવી ગજ્જર**
**(નાક-કાન-ગળાના સર્જન)**

●●●

જાહેર મેળાવડા ટાળવા જોઈએ. માસ્ક ફરજિયાત પહેરવું જોઈએ. વેકિસનના બંને ડોઝ લઈ લેવા જોઈએ.

**- મિતુલ રાવત**

# ગ-૨ નજીક રોડ પરની કપચીની ડસ્ટથી નાગરિકોને પરેશાની

## બાઈક ચાલકો સ્લીપ થવાની કે સવારે ચાલવા નીકળેલા વડીલો પડી જવાની ઘટનાઓ : મોટું વાહન પસાર થતાં ઉડતી કાંકરીથી રાહદારીઓને હાલાકી



ગાંધીનગર, તા.૯

ગાંધીનગરમાં છેલ્લાં કેટલાંક સમયથી વિવિધ વિકાસ કાર્યો સતત ચાલી રહ્યાં છે જેમાં કેટલીકવાર દાખવવામાં આવતી નાની-મોટી બેદરકારી નાગરિકો માટે પરેશાનીનું કારણ બની રહી છે. શહેરમાં લાંબા સમયથી બની રહેલા ગ-૪ અન્ડરપાસના કાર્યને પગલે હાલાકી ભોગવતા વાહનચાલકો સહિત રાહદારીઓ માટે હવે ગ-૨ સર્કલ નજીક રોડના નવીનીકરણ પછી ડામર સુકવવા માટે નાંખવામાં આવેલી ઝીણી કપચીની ડસ્ટ પરેશાનીનું કારણ બની રહી છે.

ગ-૨ સર્કલ નજીક રોડ પર સાઈડના ભાગે કપચીની ઝીણી ડસ્ટનો થર ઘણાં દિવસોથી જોવા મળી રહ્યો છે. જે કદાચ રોડના રિનોવેશન બાદ ડામર સુકવવા માટે નાંખવામાં આવ્યો હતો. સામાન્ય રીતે આ પ્રકારની ડસ્ટ એકવાર નાંખીને પછી તેને નિશ્ચિત સમય મર્યાદામાં હટાવી રોડને સાફ કરી દેવામાં આવતો હોય છે પરંતુ અત્રે તેવી કોઈ કામગીરી કરવામાં આવી નથી તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે. રોડ પરની ડસ્ટના કારણે ત્યાં સતત ધૂળ ઉડે છે જે વાહનચાલકો માટે પરેશાની ઉભી કરી રહી છે. વળી આ ડસ્ટના કારણે ખાસ કરીને સાંજના સમયે ટુ વ્હિલર ચાલકો સ્લીપ થઈ જવાના બનાવો બની રહ્યા છે જયારે વહેલી સવારે મોટી ઉંમરના વયસ્ક મોર્નિંગ વોકર્સને ત્યાંથી પસાર થતાં વાહનોને કારણે કાંકરી ઉડવાની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. ગ-૨ સર્કલ નજીક સેકટર-૪-ડીના કોર્નર પાસે આ પ્રકારની સ્થિતિ લાંબા સમયથી જોવા મળી રહી છે. જેમાં સવારે ચાલવા નીકળેલા વડીલો પડી જવાના કિસ્સા પણ સર્જાઈ રહ્યા છે. સત્વરે આ સ્થળેથી ડસ્ટ હટાવીને રોડને સાફ કરી દેવામાં આવે તે જરુરી બન્યું છે.

## આર.જી. પટેલ કન્યા શાળામાં ફીટ ઈન્ડિયા વીકની ઉજવણી

ગાંધીનગર, તા.૯

આર.જી. પટેલ કન્યા શાળામાં ફીટ ઈન્ડિયા સ્કૂલ વીક ૨૦૨૧ની ઉજવણી કરાઈ હતી. જે ૧૪ નવેમ્બરથી ૧૨ ડિસેમ્બર દરમિયાન કરવામાં આવી હતી. જેમાં ૨૫મીના રોજ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ફીટ ઈન્ડિયા ડાન્સ ધોરણ-૧૧ની વિદ્યાર્થીનીઓએ રજૂ કર્યો હતો. આ સાથે ફીટ ઈન્ડિયા અંતર્ગત કવીઝ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, પોસ્ટર મેકિંગ સ્પર્ધા, રમતગમત સ્પર્ધા યોગ મેડિટેશન, બ્રેઈન ગેમ્સ યોજાઈ હતી. આ સમગ્ર પ્રવૃત્તિઓ શાળાના વ્યાયામ શિક્ષિકા ઉર્વશીબેન જોષી દ્વારા કરાવવામાં આવી હતી તેમજ શાળાના આચાર્ય ગિતેશભાઈ પટેલે જરુરી માર્ગદર્શન પુરું પાડી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# ‘શબદ પ્રતિભાવ’ મહેફિલમાં સર્જકો શબ્દોથી આપશે સ્નેહનો બુસ્ટર ડોઝ.!

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા દર મહિનાના બીજા રવિવારે એમની માસિક બેઠક નિયમિત યોજાય છે. ડિસેમ્બર મહિનાની બેઠકમાં આ વખતે સાહિત્યસભાના સભ્યો ‘શબદ પ્રતિભાવ’ દ્વારા એમની અભિવ્યક્તિ કરશે. ૨૦૨૧ના વર્ષની છેલ્લી માસિક બેઠક ડિસેમ્બર રવિવાર દિનાંક ૧૨ના રોજ સાંજે પાંચ વાગ્યે સરદાર વલ્લભભાઈ પટેલ હાઈસ્કૂલ હોલ સેકટર - ૭ ખાતે સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતના અધ્યક્ષ સ્થાને આયોજિત કરવામાં આવી છે.

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા એના પ્રથમ દિપોત્સવી અંક ‘શબદ’ ની સફળતા બાદ સળંગ બીજા વર્ષે પણ ‘શબદ’ દીપોત્સવી અંક પ્રકાશિત કરવામાં આવ્યો છે અને એ સૌને પસંદ આવ્યો છે. ગુજરાતના જાણીતા સાહિત્યકારથી લઈને ગાંધીનગરના નવોદિત સર્જકોની રચના એમાં સ્થાન પામી છે અને એક સાચવવા જેવો અંક બન્યો છે. આ અંકની અંદર ૯૨ પદ્ય રચનાઓ અને ૭૦ ગદ્ય કૃતિઓનો સમાવેશ સાથે આ દળદાર અંક બન્યો છે.

આ દીપોત્સવી અંક ‘શબદ પ્રતિભાવ’ સાથે સૌ સર્જક એમની રચના અને સમગ્ર અંક વિશે પ્રતિભાવ આપે એવી લાગણી સલાહકાર કવિ શ્રી કિશોર જિકાદરા, મહામંત્રી રમેશ ઠક્કર અને પ્રતાપસિંહ ડાભી દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી. આ નિમિત્તે સૌ સર્જકોને મંચ પર પોતાના વિચારો વ્યક્ત કરવાની તક મળે એવા ભાવ સાથે આ બેઠક યોજાઈ છે. રેડિયો જોકી નેહલ ગઢવી કાર્યક્રમનું સંચાલન કરશે જ્યારે ઉપાધ્યક્ષ કલ્પેશ પટેલ નવા જોડાયેલા સભ્યોનું સ્વાગત કરશે. નજીકના સમયમાં અવસાન પામેલા સભ્યોને શ્રદ્ધાંજલિ રમણભાઈ વાઘેલા દ્વારા આપવામાં આવશે. ગાંધીનગર સાહિત્યસભાના આ કાર્યક્રમમાં હાજર રહેવા સૌ સાહિત્ય પ્રેમીઓને અશ્વિન ત્રિવેદી અને અજય રાવલે આમંત્રણ આપ્યું છે.

## જન્મદિને વધામણી




**મુકેશ શાહ**
**પ્રમુખ, એનસીપી, ગાંધીનગર શહેર**




**કડવાતર રમેશભાઈ નગીનભાઈ**
**મો. ૯૧૭૩૮ ૭૩૧૮૩**



**અરવિંદભાઈ પટેલ**
**રેડક્રોસ, ગાંધીનગર**



**ધ્રુવ શાહ**
**મો. ૯૭૨૭૫ ૧૯૨૪૨**



**પાર્થ પટેલ**
**મો. ૯૭૨૪૪ ૧૯૨૫૦**



**અર્ણવ મેહુલકુમાર કવિ**
**મો. ૯૯૨૪૯ ૪૪૮૨૦**

## શ્રી જયપ્રકાશ વિદ્યાલય ખાતે કિવઝ સ્પર્ધા યોજાઈ




ગાંધીનગર, તા.૯

શ્રી જયપ્રકાશ વિદ્યાલય ખાતે બાલ ઊર્જા રક્ષક દળ કાર્યક્રમ અંતર્ગત કિવઝ સ્પર્ધા યોજાઈ હતી. જે ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી ગાંધીનગરના સહયોગથી નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા આયોજીત ચિરસ્થાયી ઊર્જા વિષે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના તજજ્ઞ હાર્દિકભાઈએ વિદ્યાર્થીઓને રસપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું અને કાર્યક્રમને અંતે કવિઝ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. જેમાં પ્રિયાંશ પ્રજાપતિ પ્રથમ સ્થાને, દ્વિતીય સ્થાને પ્રવિણ ચૌદરી અને જયશ્રી પ્રજાપતિ તૃતીય સ્થાને વિજેતા રહ્યા હતા. આ વિજેતા વિદ્યાર્થીઓને અજિતસિંહ સોલંકી શરદભાઈ પટેલના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

## જે.એમ.ચૌધરીમાં વેશભૂષા કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૯

જે.એમ.ચૌધરીમાં ધોરણ ૧થી ૫માં વેશભૂષા સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં ૪૫ બાળકોએ ભાગ લીધો હતો. બાળકોએ દેશનેતા, વીરાંગનાઓ તથા સેવકના વેશ ધારણ કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન દક્ષાબેન ચૌધરી તથા આચાર્યાબેન દ્વારા કરાયું હતું.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. ઠાકોર હસમુખભાઈ મથુરજી,** ઉ.વ. ૪૨, સે-૧૩, છાપરાં
- **સ્વ. દવે રતિલાલ ચીમનલાલ,** ઉ.વ. ૮૨, માણેકપુર, માણસા

# દિવ્યાંગો માટે આવ્યું સ્માર્ટ વિંગ વાહન

## સિલ્વર ઓકના ડૉ. કૌશલ જાનીએ બનાવ્યું ઈલેક્ટ્રિક થ્રિ-વ્હીલર





ગાંધીનગર, તા. ૯

સિલ્વર ઓક કોલેજના ડૉ. કૌશલ જાની દ્વારા સ્માર્ટ વિંગ નામનું થ્રિ-વ્હીલર વાહન બનાવવામાં આવ્યું છે. જે પ્રોજેક્ટ ઈન્ડિપેન્ડેડ અંતર્ગત બનાવવામાં આવ્યું છે. આ થ્રિ-વિલરનો ઉપયોગ જેઓ પચાસ ટકાથી પણ વધારે ફીઝીકલી ચેલેન્જ છે તેઓ પોતાનું વ્હીલચેર સાથે જ ટ્રાવેલ કરી શકશે. ભારતમાં આ પ્રકારનું વાહન અત્યાર સુધી ઉપલબ્ધ થયું નથી જેમાં દિવ્યાંગો પોતાની વ્હીલચેર સાથે ટ્રાવેલ કરી શકે. ડૉ. કૌશલ જાની ‘એન્જિનિયરીંગ એન્ડ ઈનોવેશન ફોર ધ બેટર સોસાયટી’ પર કામ કરી રહ્યા છે. આ પ્રોજેક્ટ અંતર્ગત તેમણે ઈલેક્ટ્રીક વાહન તૈયાર કર્યુ છે. જે ડિફરન્ટલી એબલ નાગરિકો માટે એક સારો પ્રયાસ છે. જેમાં હાઈડ્રોલિક સ્લૂપનો ઉપયોગ કરવામાં આવે છે. આ હાઈડ્રોલિક સ્લૂપથી તેઓ સરળતાથી વ્હીલચેરને ઉપર લઈ જઈ શકે છે અને શાંતિથી ટ્રાવેલ કરી શકે છે. જેનું નામ સ્માર્ટ વિંગ રાખવામાં આવ્યું છે. જેનો અર્થ છે કે તેઓને પાંખો મળે તેઓ પોતાની જાતે પણ ઉડી શકે છે.

ભારતમાં ઘણી બધી પ્રતિભાઓ એવી છે કે જે મોબિલિટીના કારણે ટ્રાવેલ નથી કરી શકતી અને તે પ્રતિભાઓ બહાર નથી આવતી ત્યારે આ સ્માર્ટ વિંગનો ઉપયોગ કરી તેઓ પોતાની પ્રતિભાને ખીલાવશે અને આગળ વધશે તે સ્માર્ટવિંગનો મુખ્ય હેતુ રહ્યો છે.

આ સ્માર્ટ વિંગ બનાવવા માટે ઘણો ખર્ચો થયો છે, આ સ્માર્ટ વિંગનો ઉપયોગ દરેક દિવ્યાંગ વ્યક્તિ કરી શકે તે માટે ઓપન સોર્શ રાખેલ છે. આ વિંગ સોલાર સિસ્ટમથી ચાલે છે. જે સૌર ઉર્જાનો ઉપયોગ કરીને તેની બેટરી ચાર્જ કરી લે છે. ઈલેક્ટ્રોનિક વાહનોનો જમાનો આવી રહ્યો છે તે મુજબ ડૉ. કૌશલે આ વાહન બનાવ્યું છે. સોલાર સિસ્ટમના કારણે જે દિવ્યાંગો છે તેઓને કોઈ પણ જગ્યાએ બેટરી ચાર્જ કરવા માટે લાઈનોમાં ઉભું રહેવુ નહિ પડે તે પણ આ વાહનમાં મુખ્ય બાબત છે. જેથી તેઓને મુશ્કેલી નહી પડે કારણ કે સૌર ઊર્જાથી જ બેટરી ચાર્જ થઈ જાય છે.

સામાન્ય માણસોને આ સાધન વસાવવું અત્યારે મોંઘુ પડી શકે છે. જો ભારત સરકાર સબસિડીની સુવિધા આપી શકે તો સામાન્ય માણસો પણ આ સ્માર્ટ વિંગનો ઉપયોગ કરી શકશે. અત્યારે સાદા વાહનોમાં પણ સબસિડી મળતી હોય છે તેથી સરકાર આમાં પણ સબસિડીની જાહેરાત કરે તેવી ઈચ્છા વ્યક્ત કરાઈ છે. આ ઉપરાંત કોઈ સામાજિક સંસ્થા તેનું પ્રોડક્શન કરે તો પણ ઘણા બધાને મદદરૂપ થઈ શકે છે.

આ થ્રિ-વ્હીલર, ૩૦ ની ગતિએ ચાલે છે. જેમાં બે વ્યક્તિ સરળતાથી બેસી શકે છે અને આગળ બૂલેટ પ્રુફ કાચ ગોઠવવામાં આવ્યા છે. જ્યારે ઉપરના ભાગમાં સોલરની સુવિધા રાખવામાં આવી છે. આ વાહનની ઘણી બધી સકારાત્મક અસરો છે જેમાંથી એક છે પ્રદૂષણ મુક્ત વાહન છે. આ વાહનના ઉપયોગથી પ્રદૂષણ નિયંત્રણ કરી શકાય છે. જેમ ફોર વ્હીલરમાં બટનથી ગાડી ચાલુ થાય છે તેમ આ થ્રિ-વ્હીલરમાં પણ તેવી જ સુવિધા છે.

આ થ્રિ-વ્હીલર ગઈકાલે ગાંધીનગર સમાચાર, સેક્ટર-૮ ખાતે લવાયું હતું. જેનો ઉપયોગ એક દિવ્યાંગ વ્યક્તિ દ્વારા કરવામાં આવ્યો હતો. તેઓ આ થ્રિ-વ્હીલર ચલાવીને ખૂબ ખુશ થયા હતા. લગભગ ૧૨ વર્ષ બાદ તેમણે પોતાની જાતે વાહન ચલાવ્યુ હતુ. જેમણે આ થ્રિ-વ્હીલર બનાવવા માટે અભિપ્રાય આપેલો હતો તે જ દિવ્યાંગ નાગરિકે આ થ્રિ-વ્હીલર ચલાવ્યું હતું. જેમણે પોતે થ્રિ-વ્હીલર ચલાવીને આનંદ આનુભવ્યો હતો. એક દિવ્યાંગ વ્યક્તિને રિક્ષામાં બેસતા જોઈને ડૉ. કૌશલ જાનીએ દિવ્યાંગો માટે આ પ્રકારની સુવિધાવાળુ વાહન બનાવ્યું છે. અગાઉ પણ તેમણે ઘણા પ્રોજેક્ટ કરેલા છે. જે પૈકી એક ગુગલ કાર બનાવી હતી. જેમાં આપણે કારમાં ન બેઠા હોય તો પણ કારનો અનુભવ લઈ શકીએ છે તેવી ગુગલ કાર બનાવી હતી. ડૉ. કૌશલ જાની અને એમની ટીમ દ્વારા ખૂબ મહેનત કરીને આ પ્રોજેક્ટ તૈયાર કરાયો છે. જેનો લાભ દરેક દિવ્યાંગ વ્યક્તિ કરી શકે તેવો તેમનો પ્રયાસ છે. આ અંગે વધુ માહિતી મેળવવા માટે .GJ18.in વેબસાઈટ પર જઈને માહિતી મેળવી શકાય છે.